## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




મહાદેવ... આતંકવાદી ન આવે એવું કાંઈક કરો...!! માંડ હેલ્મેટ પહેરવાની ટેવ પડી છે... આમ જ આતંકવાદી આવશે તો અમને આ લોકો ફરજીયાત બખ્તર પહેરાવશે ...!!

# ગાંધીનગર તાલુકાના ખેડુતોને નર્મદાના નીર સિંચાઈ માટે કયારે મળશે...?

ગાંધીનગર તાલુકાના કેટલાંક ગામો સિંચાઈ માટે આજે પણ નર્મદા નદીના નિરની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. શહેરની આસપાસના અંદાજીત ૧૦ થી વધુ ગામોને ડાર્કઝોનમાં મુકવામાં આવ્યા છે. જમીનમાં પાણીના તળ દિનપ્રતિદિન ઉંડા જઈ રહ્યા છે. બોરવેલના પાણીનો સિંચાઈ માટે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે જેને પગલે બોર માલિકોને પણ ખેડુતોએ કલાકના ૧૦૦ થી વધુ રૂપીયા ચુકવવા પડે છે. ગાંધીનગર નજીકથી પસાર થતી નર્મદા કેનાલમાંથી સિંચાઈ માટે પાણી તંત્ર દ્વારા આપવામાં આવે તો ખેડુતો વર્ષમાં ત્રણ સિઝન પાક લઈ શકે. જેથી નર્મદાનું પાણી શહેરી વિસ્તારને અડીને આવેલા ગામોને સિંચાઈ માટે આપવામાં આવે તેવી ખેડુતોની લાગણી અને માંગણી છે.

ગાંધીનગર તાલુકાના ગામો પેથાપુર, પીંપળજ, પીંડારડા, ઉનાવા, વાસન, રાંધેજા, કોલવડા, આદરજ, વાવોલ સહિતના ગામોમાં ખેતીલાયક જમીન હજ્જારો હેકટર છે. આ ખેતીલાયક જમીનમાં પાકની વાવણી દરમિયાન સિંચાઈ માટે પાણીની અત્યંત જરુર છે. નર્મદાના પાણી માટે ખેડુતો વલખા મારી રહ્યા છે દુખની બાબત એ છે કે આ ગામોને ડાર્કઝોનમાં મુકવામાં આવ્યા છે. જમીનમાં પાણીના તળ દિન પ્રતિદિન ઉંડા જઈ રહ્યા છે. આ ગામોના ખેડુતોને પાક માટે બોરવેલ પર આધારીત રહીને ખેતી કરવી પડે છે. બોરવેલમાં ઓછામાં ઓછા ૫૦૦ ફુટથી ૧૨૦૦ ઉંડાઈ ધરાવે છે ત્યારે પાણી આવે છે તેમા પણ દરવર્ષે નવી કોલમો ઉમેરવી પડે છે. જમીનમાં પાણીના તળ ઉંડા જતા રહ્યા હોવાથી નવા બોરોને ઓછામાં ઓછી ૫૦ હોર્સની મોટરો વાપરવી પડે છે જેને પરિણામે વીજળીના બિલો વધુ આવી રહ્યા છે. ખેડુતોને કલાકના ૧૦૦ થી વધુ રુપીયા પાણીપેટે બોરમાલિકને ચુકવવા પડે છે. ઉંડાણથી પાણી આવતુ હોવાથી પાણીની કવોલીટી નબળી પડી રહી છે. જેને પગલે પાકોના ઉતારા ઘટી રહ્યા છે. ગાંધીનગરને અડીને નર્મદા કેનાલ જતી હોવા છતા આજુ બાજુના ગામની જમીનના ખેડુતોને સિંચાઈ માટે પાણીના વલખા મારવા પડે છે. શહેર નજીક ગામના આગેવાન ખેડુત પ્રધ્યુમનસિંહ વાઘેલા જણાવે છે કે ઉપરોકત ગામોને સિંચાઈ માટે પાણી આપવામાં આવે તો ખેડુતો વર્ષ દરમિયાન ત્રણ સિઝન પાક લઈ શકે તેમ છે. તેથી ખેડુતોના ઉપજની પજતર નીચી આવે તથા જમીનમાં રહેલા પાણીનો બચાવ થાય આ અંગે ઉચ્ચકક્ષાએથી યોગ્ય નિર્ણય લેવાય તેવું ખેડુતો ઈચ્છી રહ્યા છે.

**ગાંધીનગર નજીક આવેલા કેટલાંક ગામોને ડાર્કઝોનમાં મુકવામાં આવ્યા છે, પાણીના તળ ઉંડા જતા ખેડુતો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે**

## ખૂણે ખાંચરેથી...

● ૮ થી ૧૧ માર્ચ દરમ્યાન અક્ષરધામમાં મહંત સ્વામી દ્વારા રાત્રે ૮ થી ૧૦ ધર્મલાભનું આયોજન કરાયું છે.

● શિવરાત્રિને લઈ પંચદેવ મંદિરની આસપાસ પાથરણા બજાર માટે તૈયારીઓ ચાલી રહી છે.

● ગાંધીનગર શહેરમાં મંગળવારથી શરૂ થઈ રહેલ પરીક્ષા અને એશિયાકપની ફાઈનલને પગલે સાંજે શહેરના રસ્તા સુમસામ થઈ ગયા હતા.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આર.એમ.ઓ. ડૉ. કલ્પેશ શાહ સામાજિક કારણોસર એક સપ્તાહની રજા પર ઉતરી ગયા છે.

● ગાંધીનગર મનપાનું આખરી સીમાંકન ટોક ઓફ ધી ટાઉન બન્યુ છે તો સંભવિતોએ તેમના વિસ્તારોમાં લોકસંપર્ક અભિયાન પણ હાથ ધર્યુ છે.

● ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો ઉંચકાતાં જ છાશના વેચાણમાં ઉછાળો આવ્યો છે.

● શિવરાત્રિ પર પંચદેવ મંદિર ખાતે યોજાતા મેળામાં ગાંધીનગર પોલીસની બોમ્બ ડિસ્પોઝલ ટીમ ખડેપગે તૈનાત રહેશે.

## સહાયક માહિતી નિયામક ભાનુભાઈ દવે વયનિવૃત્ત થયા

ગાંધીનગર, તા. ૬

રાજય સરકારના માહિતી ખાતામાં ફરજ બજાવતા સહાયક માહિતી નિયામક ભાનુપ્રસાદ દવે (ઉર્ફે કવિ) વયનિવૃત્ત થતાં તેઓને માહિતી પરિવાર - સમાચાર શાખા દ્વારા ભાવભરી વિદાય અપાઈ.



અધિક માહિતી નિયામક અરવિંદભાઈ પટેલ, સંયુકત માહિતી નિયામક જી.આર.સંગાડા, પુલકભાઈ ત્રિવેદી અને માહિતી પરિવારના અધિકારી-કર્મચારીઓદ્વારા સ્મૃતિચિહન અને શ્રીફળ-સાકર તેમજ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુંહતુ. આ વિદાય વેળાએ અધિક માહિતી નિયામક અરવિંદભાઈ પટેલે વિદાયમાન થતા ભાનુભાઈ દવેને નિવૃત્તિમય જીવન આરોગ્યપદ રહે તેવી શુભેચ્છા પાઠવી માહિતી ખાતામાં ૩૮ વર્ષ સુધી આપેલી સેવાઓને બિરદાવી હતી. સંયુકત માહિતી નિયામક જી.આર.સંગાડા અને પુલકભાઈ ત્રિવેદીએ પણ ભાનુભાઈ દવેની સેવાઓને બિરદાવીને માહિતી પરિવાર વતી તેમના આરોગ્ય અને દીર્ઘાયુ માટે શુભેચ્છાઓ આપી હતી તથા ભવિષ્યમાં જયારે પણ માહીતી ખાતાને તેમની સેવાઓ મળતી જ રહેશે તેવી આશા વ્યકત કરી હતી.

વિદાયમાન થતા ભાનુભાઈ દવેએ પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે, સમાચાર શાખામાં સૌથી વધુ નોકરી કરી છે અને શાખાના તમામ કર્મયોગીઓ તથા ખાતાના અધિકારીઓનો જે પ્રેમ મળ્યો તે બદલ તેમણે સૌનો આભાર માન્યો હતો. આ પ્રસંગે માહિતી ખાતાના અધિકારી-કર્મચારીઓએ પણ ઉપસ્થિત રહી ભાનુભાઈ દવે સાથેના સંસ્મરણો તાજા કર્યા હતા.

## ગીફ્ટસિટી પાસે લવારપુરના તળાવમાં દેશ-વિદેશના પંખીઓનો મેળો

### ગાંધીનગરમાં 'બર્ડ સફારી ફેસ્ટિવલ' શરૂ કરવાની રજૂઆત

ગાંધીનગર, તા. ૬

લવારપુરનું તળાવ ગાંધીનગરમાં આવેલા ગિફ્ટસિટી પાસે છે. પક્ષી વિદો, સહેલાણીઓ અને જૈવિક વિવિધતાઓના અભ્યાસુઓ માટે મહત્વનું સ્થળ છે. વિવિધ પક્ષીઓ અને ગ્રામ્ય સંસ્કૃતિનું સમન્વય અહીં જોવા મળે છે. ઘણા પક્ષી આ લાંબુ અંતર કાપ્યા પછી અંહી મોટી સંખ્યામાં સ્થળાંતર કરે છે. પક્ષી વિદોના મતે ઘણાં પક્ષીઓ અંહી માળા બનાવી બચ્ચાનો ઉછેર કરતાં હોય છે. કેટલાક પક્ષીઓ કાયમી ધોરણે અંહી જોવા મળે છે. ખોરાક અને આશ્રય મેળવવા સ્થળાંતર કરતાં પક્ષીઓ અહીં જોવા મળે છે.

ઋતુપ્રવાસી પક્ષીઓ બે પ્રકારના હોય છે. વિદેશથી આવતા યાયાવર પક્ષીઓ અને સ્થાનિક એટલે કે હિમાલય, લદાખ, સિક્કીમ જેવા પરપ્રાંતથી આવતા પ્રવાસી પક્ષીઓ. જેમાં ગાજહંસ, મત્સ્યભોજ, દિવાળી ઘોડો, ફલેમિંગો જેવા પક્ષીઓનું પ્રમાણ વધારે હોય છે. શરૂદઋતુ શરૂ થતાં અને વસંતઋતુમાં પક્ષીઓની સંખ્યા વધારે જોવા મળે છે. ભૌગોલિક દૃષ્ટિએ લવારપુર ગામના આ તળાવની આસપાસ નાના-મોટા વૃક્ષો પક્ષીઓ માટે કુદરતી આવાસસ્થાન પુરૂ પાડે છે. તેમજ તળાવમાં પક્ષીઓનો ખોરાક તેમજ કાદવવાળા આશ્રયસ્થાન હોવાથી વધુ સમય પક્ષીઓ અંહી જોવા મળે છે. લવારપુરના તળાવમાં ૫૦ પ્રકારનાં જળાશયના પક્ષીઓ નોંધાયા છે. વિવિધ પ્રકારની બતકો, હંજ, કુંજ, વાળગલી, પેણ, ઢોંક તેમજ કાદવ ખૂંદનારા પક્ષીઓ અહીં જોવા મળે છે. તળાવના પાણીમાં વિવિધ પ્રકારની વનસ્પતિઓ, શેવાળ અને વિવિધ જાતની માછલીઓ, જીવજંતુઓ પ્રવાસી પક્ષીઓને ખોરાક પુરો પાડે છે. દર વર્ષે હજાર જેટલા પક્ષીઓ આવનજાવન કરતા નજરે ચઢે છે.

શાળા-મહાશાળાના વિદ્યાર્થીઓને જલપ્લાવિત ક્ષેત્રના નિવસનતંત્રની સમજ આપવા માટે લવારપુરનું તળાવ ઉત્તમ ગણવામાં આવે છે. અહીં નજીકમાં આવેલા અરર્ણપાર્કમાં દર વર્ષે હજારોની સંખ્યામાં પ્રકૃતિ શિક્ષણ શિબિરાર્થી આવે છે. તેઓની માટે પક્ષીઓ વર્તણૂંક, સમજવા માટે ઉત્તમ સ્થળ છે. ગાંધીનગર 'બર્ડ સફારી ફેસ્ટિવલ' અહીંથી શરૂ કરવા પક્ષીપ્રેમીઓએ પહેલ કરી છે. તેમાંય નજીક આવેલી સાબરમતી નદીએ પોતાનું અસ્તિત્વ ગુમાવી દીધેલુ છે. ત્યારે લવારપુરના તળાવનું મહત્વ ઈકોલોજી સંરક્ષણ અર્થે વધી જાય છે.

## કોટેશ્વર મહાદેવ ખાતે ૧૧,૧૦૧ રૂદ્રાક્ષના ફળ શિવજીને અર્પણ કરાશે

ગાંધીનગર નજીક આવેલ કોટેશ્વર મહાદેવ મંદિર ખાતે શિવરાત્રી નિમિતે નેપાળથી લાવવામાં આવેલ ૧૧૧૦૧ રૂદ્રાક્ષના પળ શિવજીને ભકતો દ્વારા અર્પણ કરવામાં આવશે તેમજ ૧૦૦૮ કમળ અને દુધની ધારા ચોવીસ કલાક શીવલીંગને અર્પણ થશે. ચાંદી મઢીત રૂદ્રાક્ષની મહામાળા શિવજીને અર્પણ કરવામાં ાવસે અને રૂદ્રાક્ષના ફળને ભોળાનાથને ધરાવ્યા બાદ પ્રસાદરૂપે ભકતોને રૂદ્રાક્ષફળ આપવામાં આવશે. તેમજ બિલીપત્ર અને ચાર પ્રહરની પુજા પણ કરવામાં આવશે. વિશાળ ભકત સમુદાયથી કોટેશ્વર મહાદેવ મંદિર ઉભરાશે.




એક્સાઈઝ ડ્યુટી અને મોટી ખરીદી ઉપર પાન કાર્ડના વિરોધમાં દેશના જ્વેલર્સ સાથે બંધના એલાનમાં જોડાયેલા ગાંધીનગરના જ્વેલર્સે આજે શહેરમાં સમૂહ બેઠક યોજી હતી



શ્રી સ્વામિનારાયણ મંદિર, સૅક્ટર-૨૩ યુવક મંડળ દ્વારા બૉર્ડની પરીક્ષા આપવા જઈ રહેલા વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. પૅન સૅટ અને પ્રસાદ અર્પણ કરી વિદ્યાર્થીઓને પરીક્ષા માટે શુભકામનાઓ અર્પણ કરવામાં આવી હતી.

## સમદર્શન આશ્રમમાં શિવ પંચાક્ષર મંત્રજપનું આયોજન

ગાંધીનગર, તા.૬

સમદર્શન આશ્રમ ગાંધીનગર દ્વારા શિવરાત્રી મહોત્સવ ઉજવણી નિમિત્તે તા. ૭મી માર્ચના રોજ સવારે ૬.૦૦થી ૫.૦૦ કલાક દરમિયાન સેકટર-૧ શ્રી કૃપાનિધિ મહાદેવ ખાતે શિવ પંચાક્ષર મંત્રજપનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સાંજે ૫.૦૦ થી રાત્રે ૯.૦૦ કલાક સુધી ગુરુમા સ્વામીની સમાનંદ સરસ્વતીજીના હસ્તે કૃપા નિધિ મહાદેવની વૈદિક મંત્રોચ્ચાર સહિતની ષોડસોપચાર પૂજા કરવામાં આવશે. આ ધાર્મિક કાર્યક્રમમાં તમામ નગરજનોને લાભ લેવા માટે કનુભાઈ પટેલે જણાવ્યું છે.

## પૂ. રવિશંકર મહારાજના જન્મદિન પ્રસંગે તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરના ઘ-૫ ખાતે સ્થિત પૂ. રવિશંકર મહારાજના જન્મદિન પ્રસંગે આગામી તા. ૭મી માર્ચના રોજ સવારે ૯.૩૦ કલાકે પ્રતિમા પર પુષ્પાંજલિનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સેવાભાવનાધારી નાગરીકો, વિદ્યાર્થીઓ, મહિલાઓને આ ઋણ અદા કરવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, સીનીયર સીટીઝન કાઉન્સિલ, જાગૃત નાગરિક પરિષદ, ગાંધીમિત્ર વર્તુળ, જ્યોતિ મહિલા મંડળ, પેન્શનર્સ ફેડરેશન, ગાંધીનગર સાહિત્ય સભા, આત્મન ફાઉન્ડેશન, સીનીયર ઈજનેર અને આરકીટેક એસોસિએશન, ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન સહિતના સામાજિક સેવાભાવી સંસ્થાઓ દ્વારા પ્રતિ વર્ષ પુષ્પાંજલિ, પ્રાથનાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે કાર્યક્રમમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા મુખ્ય શાખા તથા ઈજનેરી સ્ટાફ ટ્રેઈનીંગ કોલેજ પણ સહકાર આપશે. આ કાર્યક્રમમાં નગરના વરિષ્ઠ નાગરિકો સેવાભાવી સૈનિકોને ઉપસ્થિત રહી પુષ્પાંજલિમાં જોડાવા તમામ સેવાભાનવી સંસ્થાઓ વતી વસાહત મંડળના પ્રમુખ અરૂણભાઈ બુચે અપીલ કરી છે.

## રાજસ્થાન સમાજની ચૂંટણીલક્ષી બેઠક યોજાઈ

ગાંધીનગર મહાનગર પાલિકાની હદમાં છેલ્લા ૩૫ વર્ષથી વસવાટ કરતા આશરે પંદર હજારથી વીસ હજાર મતદારોની સંખ્યા ધરાવતા રાજસ્થાન સમાજની વિવિધ જાતીના આગેવાનો તથા વ્યવસાયીઓની મહાદેવ મંદિર, ઈન્કવાયરી પાછળ, સેક્ટર-૨૪ ખાતે આગામી મનપાની ચૂંટણીલક્ષી મીટીંગ મળી હતી. જેમાં સમાજના લોકોને પડતી જૂજ સમસ્યાઓને વાચા આપવા પોતાનો પ્રતિનિધિ ઉમેદવાર નક્કી કરવા અંગેની ચર્ચા તથા ટૂંક સમયમાં રાજસ્થાન સમાજનું મહાસંમેલન યોજવાની પણ ચર્ચા કરાઈ હતી. જેમાં અધ્યક્ષપદે આયદાનભાઈ માલવીયા (ચૂંટણી લક્ષી કાર્યકારી અધ્યક્ષ), સમાજના આગેવાનો પીરાજી વણઝારા, ગોપાલજી શર્મા, પ્રદિપસિંહ ચંપાવત, તેમજ સમાજના આશરે ૨૦૦ વ્યક્તિઓ હાજર રહ્યા હતા.

## ૧૩મીએ વિશ્વના સૌથી મોટા 'ટગ ઑફ વૉર'નું આયોજન

અમદાવાદ, તા.૬

મહિલા સુરક્ષા-સલામતી, સશક્તિકરણ અને લિંગભેદની વાત આવે. આવા મોટા પડકારો સામે તેઓ ક્યારેક સામનો કરીને તેઓ પડકારો સામે જીતી પણ રહ્યા છે તો ક્યારેક હાર માની રહ્યા છે. આ મુદ્દા માટે જાહેરજનતામાં સંવેદનશીલતા પ્રગટાવવા સ્વાતંત્ર્યભાવનાની જ્યોત સાથે વિશ્વના સૌથી મોટી 'ટગ ઓફ વૅાર' ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.




આ એક પહેલું બિનસરકારી સાહસ છે, જેના દ્વારા મહિલા સલામતી માટે પ્રથમ પહેલ કરવામાં આવી છે, જેમાં સશક્તિકરણ, અધિકારીતા, કૌશલ્યવિકાસ, રોજગારીની તકો, લિંગ સંવેદનશીલતા જેવા મુદ્દાઓને એક રમત દ્વારા સાંકળી લેવામાં આવ્યા છે. અમદાવાદની શાળાઓ, કોલેજો, કોર્પોરેટસ, સોસાયટીઓ અને બીજા સમૂહોની વિવિધ ટીમ એકબીજા સાથે સ્પર્ધા દ્વારા આ પ્રખ્યાત એવૉડ જીતી શકે છે. આ ઉપરાંત બીજા સ્લમએરિયા જેવાં કે મજદુર ગામ, રામદેવ ટેકરા, ગુલબાઈ ટેકરાના પ્રયાસ દ્વારા શક્ય છે કે તેઓ 'ગિનિસબુક ઓફ વર્લ્ડ રેકોર્ડ' તોડીને 'લીમ્કા બુક ઓફ રેકોર્ડ'માં પ્રવેશ મેળવવા રજીસ્ટર્ડ થઈ શકે છે.

સૌ પ્રથમ વખત આવી ટુર્નામેન્ટમાં સમગ્ર પેરામિલિટ્રી તથા મિલિટ્રી સર્વિસીઝ પણ જોડાઈ રહ્યાં છે, તે અત્રે નોંધનીય છે. આ મુદ્દાને માન્યતા મળે તે માટે. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાને ટેકનિકલ ભાગીદાર બનાવવામાં આવ્યું છે. ગુજરાત એસોસિએશન દ્વારા પણ આ રમતને માર્ગદર્શન મળી રહે તેવા હેતુથી ટીમ હોમગાર્ડ્સ અને સિવિલ ડિફેન્સ દ્વારા સ્વયંસેવકો તથા સુરક્ષાકમી તરીકે તેઓની મદદ મોટા પ્રમાણમાં મળી રહી છે.

આ પ્રકરણમાં માત્ર રમત જ નહીં, પરંતુ અનેક સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજવામાં આવશે, જેમાં પેરામિલિટ્રી તથા મિલિટ્રી ફોસીસ દ્વારા તલવારનૃત્ય કે જે મહિલા હોમગાર્ડ્સ દ્વારા પ્રદર્શિત કરવામાં આવશે. વધુમાં એરફોર્સ ટીમ દ્વારા હેલિકોપ્ટરમાંથી સ્ટેડિયમમાં પેરાડ્રોપ પણ કરવામાં આવશે. ગુરખા રેજીમેન્ટ, ગોલ્ડન કટાર બિગ્રેડ બેગપાઈપર બેન્ડ દ્વારા ખૂંકરી નૃત્ય કરવામાં આવશે.



## કપૂર એન્ડ સન્સના કલાકારો યુનાઈટેડ વર્લ્ડના કેમ્પસમાં



કપૂર એન્ડ સન્સના કલાકારો આલિયા ભટ્ટ, સિધ્ધાર્થ મલ્હોત્રા અને ફવાદ ખાને આ શનિવારે યુનાઈટેડ વર્લ્ડના કેમ્પસની મુલાકાત લીધી હતી અને વિદ્યાર્થીઓના વીકએન્ડ મુવી મેનિયામાં વૃધ્ધિ કરી હતી. સંકુલના ખૂણે ખૂણેથી ઈન્સ્ટીટ્યુટના વિદ્યાર્થીઓ તેમના લોકપ્રિય કલાકારોની એક ઝલક મેળવવા એકઠા થયા હતા અને કલાકારો સાથે વાતચિત પણ કરી હતી. આ ત્રણ કલાકારો સાથેની વાતચિત ખૂબ જ આનંદદાયક અને રસપ્રદ રહી. તેમણે વિદ્યાર્થીઓના સવાલોના જવાબો તો આપ્યા જ પણ કપૂર એન્ડ સન્સનાં ગીતોની મનભાવન ધૂન ઉપર નૃત્ય પણ કર્યું.